# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરુવાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬



### આણંદના સામાજીક કાર્યકર લાકડાં લઇ મહાનગરપાલિકા પહોંચતાં અફડા તફડી

# કરમસદ સ્મશાનગૃહમાં લાકડાંની ભારે અછતથી મનપા સામે રોષ

**અંતિમ સંસ્કાર માટે** પરિવારો કલાકો સુધી રાહ જોવા મજબૂર

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદ-કરમસદ મનપા દ્વારા સંચાલિત કરમસદ સ્થિત સ્શાનગૃહમાં છેલ્લા ઘણા સમયથી અગ્નિદાહ માટે જરૂરી લાકડાંની ભારે અછત સર્જાતાં મૃતકના પરિજનોને ભારે યાતના ભોગવવી પડી રહી છે. એક તરફ સ્વજન ગુમાવવાનું ભારે દુઃખ અને બીજી તરફ અંતિમ સંસ્કાર માટે લાકડાં ન મળવાના કારણે કલાકો સુધી રાહ જોવી પડતી હોવાથી સ્થાનિક નાગરિકોમાં પાલિકા તંત્રની ઘોર બેદરકારી સામે ભારે રોષની લાગણી વ્યાપી ગઈ છે. આ ગંભીર અને સંવેદનશીલ મુદ્દે ત્વરિત પગલાં ભરવાની માંગ સાથે મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરને કડક શબ્દોમાં આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યું છે.

મળતી વિગતો અનુસાર, કરમસદ સ્થિત સ્શાનગૃહમાં અંતિમ વિધિ અને અગ્નિદાહ માટે જરૂરી એવા લાકડાંનો જથ્થો ઉપલબ્ધ ન હોવાથી અંતિમ યાત્રા લઈને આવતા પરિવારોને ભારે હાલાકી વેઠવી પડે છે. અંતિમ સંસ્કાર જેવી અત્યંત પાયાની અને સંવેદનશીલ વિધિ માટેની સુવિધામાં આવી ગંભીર અછત ઊભી થવી તે નાગરિકોની લાગણીઓ અને સંવેદનાઓ સાથે મોટો અન્યાય સમાન હોવાનું સામે આવ્યું છે.

આ અંગે આવેદનપત્ર આપનાર હર્ષિલ જતિનકુમાર દવે દ્વારા આણંદ-કરમસદ મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું છે. આ રજૂઆતમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, સ્મશાનગૃહમાં લાકડાં ન મળવાને કારણે શોકગ્રસ્ત પરિવારોને કલાકો સુધી મજબૂરીવશ રોકાઈ રહેવું પડે છે અથવા તો લાકડાંની વ્યવસ્થા માટે ભારે અગમચેતી વગર દોડધામ કરવી પડે છે.

આ આવેદનપત્રમાં તંત્રની કામગીરી સામે અસંતોષ વ્યક્ત કરતા જણાવાયું છે કે, મનપા આ સંવેદનશીલ બાબતની ગંભીરતા સમજીને નાગરિકોની મુશ્કેલી દૂર કરવા ત્વરિત અને યોગ્ય નિર્ણય લે તે અત્યંત જરૂરી છે. જો તંત્ર દ્વારા વહેલી તકે કાયમી ઉકેલ લાવવા માગણી કરી હતી. જોકે, તેઓ લાકડાં સાથે મનપા પહોંચતાં પોલીસે રોક્યાં હતાં. જેથી અફડા તફડી મચી હતી.

### અમદાવાદ-ડાકોર હાઈવે પર કેશરા નજીક ગોઝારો અકસ્માત સર્જાયો

# મિનીટ્રકની ટક્કરે બાઈક પર સવાર ૨ મહિલાના કરુણ મોત

**સુરક્ષા વ્યવસ્થા અને** ડિવાઈડરના અભાવે અકસ્માત સર્જાયો હોવાનો આક્ષેપ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૮

મહેમદાવાદ તાલુકાના કેશરા ગામની મુવાડી પાટિયા પાસે અમદાવાદ-ડાકોર હાઈવે પર પૂરપાટ ઝડપે આવી રહેલા મિનીટ્રક વાહને બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ જીવલેણ દુર્ઘટનામાં બાઈક પર સવાર બે મહિલાઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા.

અમદાવાદ અને ડાકોરને જોડતા વ્યસ્ત હાઈવે પર કેશરા ગામની મુવાડી પાટિયા પાસેથી પસાર થઈ રહેલા એક બાઈકને આઈસર ચાલકે અડફેટે લીધું હતું. આ અકસ્માત એટલો ભયંકર હતો કે બાઈક પર સવાર બંને મહિલાઓ રોડ પર ફંગોળાઈ ગઈ હતી અને ગંભીર ઈજાઓ પહોંચવાના કારણે ઘટનાસ્થળે જ તેમના પ્રાણપંખેરું ઊડી ગયા હતા. આ બનાવને પગલે હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો અને સ્થાનિક લોકોના ટોળેટોળાં ઉમટી પડ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ-ડાકોર રોડ પર હાલમાં ખાડા પૂરવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરી દરમિયાન માર્ગ પર કોઈ પણ પ્રકારના ડિવાઈડર કે યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી ન હોવાના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને આ બેદરકારીના પરિણામે જ આ દુર્ઘટના સર્જાઈ હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

આ અકસ્માત અંગે જાણ થતાં જ પોલીસનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને ભીડને વિખેરીને ટ્રાફિક વ્યવસ્થા પૂર્વવત કરાવી હતી. બાદમાં પોલીસે બંને મૃતક મહિલાઓના મૃતદેહોનો કબજો મેળવીને તેને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. હાલમાં પોલીસે આઈસર ચાલક સામે ગુનો નોંધીને આગળની વધુ તપાસ શરૂ કરી છે.

# આણંદમાં હવામાન બદલાયું ગુલાબી ઠંડીનો અહેસાસ

**મહત્તમ તાપમાનમાં** બે ડિગ્રીનો ઘટાડો, ઠંડા પવનો અને શુષ્ક વાતાવરણથી માહોલ બન્યો ખુશનુમા

(પ્રતિનિધિ) આણંદ તા ૨૮

આણંદ શહેર સહિત સમગ્ર જિલ્લામાં છેલ્લા ચારેક દિવસથી હવામાનમાં નોંધપાત્ર પલટો જોવા મળી રહ્યો છે. થોડા દિવસો અગાઉ દિવસ દરમિયાન ૩૭ ડિગ્રીની આસપાસ રહેતા તાપમાનને કારણે ગરમી અને ઉકળાટથી લોકો પરેશાન થતા હતા. જોકે, હવે તાપમાનમાં ઘટાડો થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને વહેલી સવારે તથા મોડી રાત્રે ગુલાબી ઠંડીનો અહેસાસ થવા લાગ્યો છે.

હવામાનમાં આવેલા આ ફેરફારને પગલે બુધવારે મહત્તમ તાપમાન ઘટીને ૩૫ ડિગ્રી નોંધાયું હતું. આમ, અગાઉની સરખામણીએ તાપમાનમાં આશરે બે ડિગ્રીનો ઘટાડો થતાં ગરમીમાંથી આંશિક રાહત મળી છે. દિવસ દરમિયાન આકાશ સ્વચ્છ રહેવાની સાથે ભેજનું પ્રમાણ ઘટીને ૬૧ ટકા આસપાસ નોંધાતાં હવામાં શુષ્કતા જોવા મળી રહી છે. બીજી તરફ, કલાકના આશરે ૩.૯ કિમીની ઝડપે ફૂંકાતા પવનોને કારણે વાતાવરણમાં હળવી ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે. સૂર્યાસ્ત બાદ તાપમાનમાં ઘટાડો થતાં રાત્રિ દરમિયાન વાતાવરણ વધુ આહલાદક બની રહ્યું છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરો અને ખુલ્લા મેદાનોમાં વહેલી સવારે ગુલાબી ઠંડીનો અહેસાસ વધુ સ્પષ્ટ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડા પવનોની અસરથી લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### શાળાના વર્ગખંડ અને મધ્યાહન ભોજનના રસોડામાંથી દારૂ જપ્ત કર્યો

# ખેડાના રઢું ગામની બંધ પ્રા.શાળામાંથી ૪.૪૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**ખેડા ટાઉન પોલીસના** દરોડામાં બે બુટલેગર ભાગી છૂટ્યા

(પ્રતિનધિ) નડિયાદ તા.૨૮

ખેડા ટાઉન પોલીસની ટીમે રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન રઢું ગામની નર્મદા વસાહત ખાતે આવેલી જૂની પ્રાથમિક શાળામાંથી ૪.૦૧ લાખની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. પોલીસને જોઈને દારૂ સંતાડી રહેલા બે બુટલેગરો સ્કૂટર મૂકીને અંધારાનો લાભ લઈ ખેતરના રસ્તે ફરાર થઈ ગયા હતા. પોલીસે દારૂ અને વાહન મળીને કુલ ૪,૪૧,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડા ટાઉન પોલીસ મથકના સબ ઈન્સ્પેક્ટર એમ. એન. સોલંકી અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે, રઢું ગામના કલ્પેશ બાબુભાઈ મકવાણા અને અલ્પેશ રમેશભાઈ ભોઈ પુરુષોત્તમપુરા લાટ નર્મદા વસાહતની જૂની પ્રાથમિક શાળામાં બર્ગમેન ગાડી મારફતે વિદેશી દારૂનો જથ્થો સંતાડી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી અચાનક છાપો માર્યો હતો.

ખેડા ટાઉન પોલીસની ગાડી આવતી જોઈને બંને શખ્સો સફેદ રંગની બર્ગમેન ગાડી (GJ ૦૭ FC ૩૩૨૬) મૂકી અંધારાનો લાભ લઈ ખેતર તરફ ભાગી છૂટ્યા હતા. પોલીસે ગાડીની ડેકી તપાસતા તેમાંથી દારૂની 30 બોટલો મળી આવી હતી. બાદ શાળાના રૂમ તથા મધ્યાહન ભોજનના રસોડાના તાળા તોડીને તપાસ કરતા જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂ અને બિયરની ૪૯ પેટીઓ (કુલ ૧૪૧૭ બોટલ/ટીન) મળી આવી હતી.

આ અંગે ખેડા પોલીસે ૪,૦૧,૦૦૦નો દારૂ અને ૪૦,૦૦૦નું સ્કૂટર મળીને કુલ ૪,૪૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જોકે, ફરાર આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી તેમને ઝડપી પાડવા ચક્ર ગતિમાન કરાયા છે.

# આણંદ કલેક્ટર તરીકે ઉત્સવ ગૌતમે પદભાર સંભાળ્યો

**સ્વાસ્થ્ય અને શિક્ષણ** સર્વોચ્ચ પ્રાથમિકતા પર રહેશે: કલેક્ટર

(પ્રતિનિધિ) આણંદ તા.૨૮

આણંદ કલેક્ટર પ્રવીણ ચૌધરીની બદલી થતાં તેમની જગ્યાએ વર્ષ ૨૦૧૮ બેચના આઈએએસ અધિકારી ઉત્સવ ગૌતમે આણંદ જિલ્લાના નવા કલેક્ટર તરીકે ચાર્જ સંભાળી લીધો છે.

મૂળ ઉત્તર પ્રદેશના આગ્રાના વતની કલેક્ટર ઉત્સવ ગૌતમે આઈઆઈટી પટનામાંથી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં B.Tech. અને જેએનયુમાંથી એમએ (પબ્લીક મેનેજમેન્ટ) નો અભ્યાસ પૂર્ણ કર્યો છે. તેમણે સિવિલ સર્વિસિસ પરીક્ષામાં સફળતા મેળવી વર્ષ ૨૦૧૮માં ભારતીય વહીવટી સેવામાં પ્રવેશ કર્યો હતો, જ્યાં તેમને ગુજરાત કેડર ફાળવવામાં આવી હતી.

આણંદમાં કલેક્ટર તરીકે કાર્યભાર સંભાળતા પહેલાં તેઓએ ભાવનગર ખાતે આસિસ્ટન્ટ કલેક્ટર, લાઠી ખાતે સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશનમાં મિશન ડાયરેક્ટર તેમજ દાહોદ અને કચ્છ-ભુજ ખાતે જિલ્લા વિકાસ અધિકારી તરીકે સેવાઓ આપી છે. વહીવટી ક્ષેત્રનો આ અનુભવ જિલ્લાના વિકાસ કાર્યોમાં ઉપયોગી થશે.

આણંદ કલેક્ટર તરીકે પદભાર સંભાળ્યા બાદ ઉત્સવ ગૌતમે કર્યું કે, સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનું અસરકારક અમલીકરણ કરી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવાની સાથે સ્વાસ્થ્ય અને શિક્ષણની સુધારણા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે.

### જનરેટર ઓપરેટ કરતા ન આવડતાં ચાલુ ડાયાલિસીસ અટકાવવાની ફરજ

# બાલાસિનોર શહેરની હોસ્પિટલમાં ડાયાલિસીસ ન થતાં દર્દીઓમાં રોષ

**જૂના એક્સ-રે** મશીનની ઝાંખી પ્રિન્ટને કારણે તબીબો ચોક્કસ નિદાન કરવામાં અસમર્થ

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૭

બાલાસિનોરની સરકારી હોસ્પિટલનું તંત્ર ખાડે જતાં આરોગ્ય સેવાઓ કથળી ગઈ છે. સરકારી ગ્રાન્ટમાંથી સુવિધાઓ વસાવવામાં આવી હોવા છતાં, સ્ટાફની બિનકાર્યક્ષમતા અને જૂના સાધનોના કારણે દર્દીઓના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે.

બાલાસિનોર સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા અર્થે ડાયાલિસીસ મશીન અને તાજેતરમાં જનરેટર ખરીદવામાં આવ્યું છે. જોકે, વીજળી ગુલ થાય ત્યારે જનરેટર ઓટોમેટિક સ્ટાર્ટ થતું નથી. હોસ્પિટલના સ્ટાફને આ ઓપરેટ કરતાં આવડતું ન હોવાથી વીજળી જાય ત્યારે ચાલુ ડાયાલિસીસ અટકાવી મશીન કાઢી નાખવું પડે છે, જેનાથી દર્દીઓ ભારે મુશ્કેલીમાં મુકાય છે.

આ ઉપરાંત, હોસ્પિટલનું એક્સ-રે મશીન અત્યંત જૂનું થઈ ગયું હોવાથી તેમાંથી પ્રિન્ટ ખૂબ જ ઝાંખી આવે છે. આ ઝાંખી પ્રિન્ટના કારણે ડોક્ટરો યોગ્ય નિદાન કરી શકતા નથી અને માત્ર અંદાજ લગાવીને દર્દીઓની સારવાર કરી રહ્યા છે. સરકાર આરોગ્ય સેવાઓ પાછળ લાખો રૂપિયા ખર્ચે છે, છતાં સ્ટાફની બેદરકારી સામે દર્દીઓમાં રોષ વ્યાપ્યો છે. આ સમગ્ર બાબતે જિલ્લાકક્ષાએથી તપાસ કરી જવાબદારો સામે યોગ્ય પગલાં લેવામાં આવે તેવી દર્દીઓ તરફથી માગણી કરવામાં આવી છે.

# નડિયાદ પાસે કારમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

**ચકલાસી પોલીસે** અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

નડિયાદ તાલુકાના સોડપુર ગામના જલાનગર સ્મશાન પાસેથી આજે સવારે એક ઈકો ગાડીમાંથી ૨૮ વર્ષીય યુવક મૃત હાલતમાં મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ બનાવ અંગે ચકલાસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ તાલુકાના સોડપુર ગામમાં રહેતા જનકભાઈ સોલંકી આજે સવારે દૂધ મંડળીમાં દૂધ આપવા જઈ રહ્યા હતા. આ દરમિયાન જલાનગર સ્મશાન પાસે પડેલી ઈકો ગાડીમાં તેમનો ભત્રીજો અશ્વિનભાઈ હર્ષદભાઈ સોલંકી (ઉંમર વર્ષ ૨૮) મૃત હાલતમાં મળી આવ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, મૃતક યુવક ઠાસરાથી કોઈની ઈકો ગાડી બચત પર લાવીને ફેરવતો હતો. યુવકનું કયા કારણસર મોત નિપજ્યું છે તે હાલ જાણી શકાયું નથી. આ ઘટનાની જાણ થતાં જ ચકલાસી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુવકના મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ કરાવવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે જનકભાઈ અભાભાઈ સોલંકીની જાણના આધારે ચકલાસી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પોસ્ટમોર્ટમના રિપોર્ટ આધારે આ ઘટના હત્યાની છે કે અન્ય કોઈ તે બહાર આવશે.

# ઉત્તરસંડામાં રાત્રે કાર અડી ગયાના મુદ્દે ૪ શખ્સનો યુવાન પર હુમલો

**અગાઉની** અદાવતમાં વડતાલ પોલીસ મથકે હુમલાખોરો સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૮

નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ગામમાં રાત્રિના સમયે કાર અડી જવા જેવી સામાન્ય બાબતે બે પક્ષો વચ્ચે ઉભી થયેલી અદાવતે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું.

નડિયાદ તાલુકાના ઉત્તરસંડા ચોકડી દૂધની ડેરી પાસે રહેતા 36 વર્ષીય પ્રવીણ ઉર્ફે ગુગો શિવાભાઈ ડાભી ગત તારીખ 27/10/2026 ની રાત્રીના સાડા બારેક વાગ્યે પોતાની કાર લઈને ગામની દૂધની ડેરીથી ઘરે જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તા પર ઈચ્છાપુરાના અરવિંદ ચંદુભાઈ પરમાર પોતાની કાર લઈને આગળ જઈ રહ્યા હતા ત્યારે તેમણે અચાનક બ્રેક મારી હતી. અચાનક બ્રેક વાગવાના કારણે પાછળ આવતી પ્રવીણની કાર અરવિંદની કાર સાથે સામાન્ય રીતે અથડાઈ હતી જોકે તે સમયે રાત્રિના અંધકારમાં બંને પક્ષો કોઈપણ પ્રકારની તકરાર કર્યા વિના પોતપોતાના ઘરે જતા રહ્યા હતા.

રાત્રે બનેલી આ ઘટનાની અદાવત રાખીને તારીખ 27/10/2026 ના રોજ બપોરના સમયે પ્રવીણ ઉત્તરસંડા સ્ટેડિયમના ગેટ પાસે ઉભો હતો ત્યારે હુમલો થયો હતો. અરવિંદ પરમાર તેનો ભાણો અજય અને અન્ય બે અજાણ્યા વ્યક્તિઓ કારમાં ત્યાં આવી પહોંચ્યા હતા અને પ્રવીણને રાત્રે કાર કેમ અડાડી હતી તેમ કહીને બિભત્સ ગાળો બોલવા લાગ્યા હતા. ચારેય શખ્સોએ એકદમ ઉશ્કેરાઈ જઈને પ્રવીણ પર હુમલો કરી દીધો હતો અને તેને ઢોર માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બપોરના સમયે રસ્તા પર થઈ રહેલી આ મારામારી અને ઝપાઝપી જોઈને ગામના અક્ષય ઘનાભાઈ પરમાર અને મિતુલ ગિરીશભાઈ ભોઈ તરત જ વચ્ચે પડ્યા હતા. આ બંને સ્થાનિકોએ હુમલાખોરોના હાથમાંથી પ્રવીણને છોડાવ્યો હતો પરંતુ જતા જતા આરોપીઓ ભવિષ્યમાં જાનથી મારી નાખવાની ધમકી આપીને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ ઈજાગ્રસ્ત પ્રવીણે વડતાલ પોલીસ મથકે અરવિંદ ચંદુભાઈ પરમાર અને અજય સહિત અન્ય બે અજાણ્યા હુમલાખોરો સામે ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

# મહુધાના આરોગ્ય કેન્દ્રોમાં રસીકરણ અને આરોગ્ય રેકોર્ડની ચકાસણી

**જિલ્લા આરોગ્ય** વિભાગ દ્વારા તપાસ હાથ ધરાઇ

પ્રતિનિધિ મહુધા તા ૨૮

ખેડા જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની ગુણવત્તા જળવાઈ રહે અને લાભાર્થીઓને સમયસર સેવાઓ મળી રહે તે હેતુથી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી શાલિનીબેન ભાટિયાએ મહુધા તાલુકાના સાસ્તાપૂર સબ સેન્ટર તેમજ કડી ખોડિયારપુરા ખાતે ઓચિંતી મુલાકાત લઈને આરોગ્યલક્ષી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

મુલાકાત દરમિયાન મમતા દિવસ અંતર્ગત સગર્ભા મહિલાઓ અને નાના બાળકોને પૂરી પાડવામાં આવતી આરોગ્ય સેવાઓની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી. ખાસ કરીને રસીકરણની કામગીરી, આરોગ્ય કેન્દ્રો પર ઉપલબ્ધ સુવિધાઓ તેમજ આરોગ્યલક્ષી રેકોર્ડની જાળવણી અંગે ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

આ ઓચિંતી તપાસ દરમિયાન મહુધાના તાલુકા આરોગ્ય અધિકારી ધ્રુમિલ પરીખ સહિત સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. નિરીક્ષણ દરમિયાન જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ આરોગ્ય સેવાઓની ગુણવત્તા જાળવવા, કામગીરીમાં ચોકસાઈ રાખવા અને રેકોર્ડ વ્યવસ્થિત રીતે નિભાવવાની બાબતે સ્ટાફને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં સગર્ભા મહિલાઓ અને બાળકોને યોગ્ય આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તેમજ આરોગ્યલક્ષી કામગીરી વધુ સુવ્યવસ્થિત બને તે માટે આવી આકસ્મિક મુલાકાતો હાથ ધરવામાં આવી રહી છે.

ગુજરાતમિત્ર

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ<br>કિશોર પ્લાઝા,<br>આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી<br>સાગર ભુવન, ડભાણ<br>ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225